**ફોજદારી અપીલ નં. ૮૮/૨૦૨૫**

## આંક–૫ ની અરજી લગત હુકમ.

એપેલન્ટ તરફે વિદ્વાન વ.શ્રી એસ.એચ.જાડેજાને સાંભળ્યા. અરજી તથા સાથેના દસ્તાવેજો વંચાણે લીધા. એપેલન્ટ તરફે વિદ્વાન વ.શ્રીએ નામદાર સર્વોચ્ચ અદાલતે Central Bureau Of Investigation Versus Ashok Sirpal (2024 (0) AIJEL-SC 74166) ના કેસમાં આપેલ ચુકાદો રજુ કરેલ છે. અરજીની હકીકત ધ્યાને લેતાં એપેલન્ટ તરફેની રજુઆત સબંધેની એ મહત્વની હકીકત છે કે અપીલ ચાલવામાં સમય જાય તેમ છે. એપેલન્ટ સામેનો ગુનો નોનકોગ્નીઝેબલ છે. આરોપીને જે સજા કરવામાં આવેલ છે તે સજા ધ્યાનમાં લેતાં અપીલ ચાલતા દરમ્યાન વિદ્વાન નીચેની અદાલતના સજાના હુકમને મોકુફ રાખવામાં આવે તો તે ન્યાયોચિત જણાય છે. તેથી નીચે મુજબ હુકમ ફરમાવું છું.

**–: હુ ક મ :–**

વિદ્વાન ટ્રાયલ કોર્ટે ફોજદારી કેસ નંબર ૧૪૨૦/૨૦૨૪ના કામે તારીખ ૧૪/૧૦/૨૦૨૫ ના રોજ ફરમાવેલ સજા તથા વળતરનો હુકમ નીચેની શરતોને આધીન મોકુફ રાખી એપેલન્ટ/આરોપીને અપીલ ચાલતા સમય દરમ્યાન જામીન ઉપર છોડવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

**–:શરતો :–**

(૧) આરોપી/એપેલન્ટે રૂા.૨૫,૦૦૦/–( રૂપિયા પચીસ હજાર પુરા) ના સધ્ધર જામીન તેમજ તેટલી જ રકમના જાત મુચરકા આ અદાલતમાં રજુ કરવા.

(૨) આરોપી તથા જામીનદારે પોતાના રહેણાક તથા ધંધાના સરનામા અને મોબાઈલ નંબર/કોન્ટેક નંબર લેખીત પુરશીશથી જાહેર કરવા અને આ

અદાલતની પરવાનગી વગર ફેરફાર કરવો નહી. જામીનદારે ૭ માસથી જુના ન હોય તેવા બે ફોટોગ્રાફ્સ જામીનખત આપતા સમયે રજુ કરવાના રહેશે.

(૩) આરોપી/એપેલન્ટે આ અદાલતની પરવાનગી સિવાય ગુજરાત રાજયની હદ છોડવી નહીં.

(૪) આરોપી/એપેલન્ટે હાલની અપીલની સુનાવણી જે તારીખે રાખવામાં આવે તે તારીખે અદાલતમાં જાતે તેમજ વિદ્વાન વકીલશ્રી સાથે અચુક હાજર થવાનું રહેશે.

(૫) આરોપી/એપેલન્ટ તરફથી અપીલની સુનાવણી દરમ્યાન કોઈ વિલંબ કરવામાં આવશે તો આ હુકમ રદ્દ કરી આરોપી/એપેલન્ટને કસ્ટડીમાં લેવાની કાર્યવાહી કરવામાં આવશે.

(૬) આરોપી/એપેલન્ટે તકરારી ચેકની રકમના ૨૦% રકમ આ અદાલતમાં જમા કરાવવાની રહેશે.

આ હુકમની નકલ વિદ્વાન ટ્રાયલ કોર્ટને જાણ અર્થે મોકલવી.

આ હુકમ આજરોજ તા.૧૧ માહે નવેમ્બર સને ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તારીખ :–૧૧/૧૧/૨૦૨૫
સ્થળ:– ખંભાળીયા.
(ડી.એચ.ઠાકર)

(સમીર વિનોદચંદ્ર વ્યાસ)
સેશન્સ જજ
દેવભૂમિ દ્વારકા, મું.ખંભાળીયા.
GJ00345